જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૭/૨૦૨૫ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૧૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૫૩ લીટર દેશી દારૂ, ૨૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૭૮ બિયર ટીન અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૬૫,૯૮૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૧૪/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૯૧૫/૨૦૨૫**

ક્રાઇમ બ્રાંચઃ નિકુંજભાઇ શૈલેષભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૪)(રહે.સંતોષીનગર ઘોળકા રોડ ભારતી આશ્રમની બાજુમા સરખેજ) એ તા.૦૫/૦૭/૨૦૨૫ ના રોજ ક્રાઇમ બ્રાંચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે માહે નવેમ્બર/૨૦૨૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન સેટેલાઇટ શ્યામલ ચાર રસ્તા પાસે ઓફીસ નંબર–૧૧૨૭ “શ્યામલ આઇકોનીક” ખાતે આરોપી (૧) આલોક યોગેન્દ્ર રામપાલ અને (૨) લક્ષ્મી આલોક રામપાલ (બંને રહે.ક્લાઉડ નાઇન, ઝાસી કી રાનીના પુતળા પાસે, નહેરૂનગર) એ ભેગા મળી નિકુંજભાઇ તથા દીશા વિપુલભાઇ પટેલ પાસેથી ન્યુઝીલેન્ડ ખાતે જવા વર્ક પરમીટ વીઝા આપવાના બહાને કુલ રૂપિયા ૨૪,૫૦,૦૦૦/– મેળવી લઇ વર્ક પરમીટ વીઝા નહી કરાવી આપી તેમજ આપેલ રૂપિયા પણ પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.કે.પરીખ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૧૬/૨૦૨૫**

નારણપુરાઃ ઈરા વા/ઓ પ્રકાશભાઈ રૂપારેલીયા (રહે.કોહીનુર સોસાયટી, ઘનલક્ષ્મી પેટ્રોલપંપની બાજુમાં, નારણપુરા) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૦૭/૨૦૨૫ કલાક ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લોકરમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/–, ચાંદીના સિક્કા કિંમત રૂપિયા ૧૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૨,૫૨,૦૦૦/– તથા અગત્યના દસ્તાવેજો મળી કુલ રૂપિયા ૮,૬૨,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ચંદુભાઇ રતુભાઇ ચલાવે છે.

ત્યજી દિધેલ મૃત શિશુ મળી આવવા બાબતઃ– **સમાચાર યાદી નં.૯૧૭/૨૦૨૫**

ગોમતીપુરઃ તા.૦૫/૦૭/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા ગોમતીપુર ઉષા સિનેમા રોડ માસ્ડન મીલ કંપાઉન્ડરના ખુલ્લા મેદાનમાંથી ત્યજી દિધેલ નવજાત શિશુ મૃત હાલતમાં મળી આવતા, ગોમતીપુર પોલીસે અજાણી વ્યકિત વિરૂદ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એચ.ડોડિયા ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૧૮/૨૦૨૫**

સરદારનગરઃ જયપ્રકાશ કનૈયાલાલ ગંગવાણી (ઉ.વ.૪૦)(રહે.કૈલાશ શિવાલયા. સ્વામીનારાયણ સ્વીટની ગલીમાં, પ્રેમ પ્રકાશ આશ્રમ સામે, નાના ચિલોડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૫ સવારના ૯/૪૫ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ શ્રી કે.આર.રબારી ચલાવે છે.

અમરાઇવાડીઃ તરૂણાબહેન વા/ઓ મનીષભાઈ પરમાર (ઉ.વ.૩૮)(રહે.બારમો માળ, સૌજન્ય એપાર્ટમેન્ટ, ન્યુ કોટન ચાર રસ્તા પાસે, અમરાઈવાડી) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૭/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી રાતના ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

નારોલઃ પુરણદાસ નેનુદાસ યોગી (ઉ.વ.૩૦)(રહે.ખોડીયાર માતા મંદીરની બાજુમા આવેલ ભંગારની દુકાનમા, કમોડ ગામ તા–દસક્રોઇ જી.અમદાવાદ મુળ રહે– ગામ– મંડી તા–રાયપુર જી.ભીલવાડા રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૭/૨૦૨૫ સવારના ૯/૩૦ વાગ્યા પહેલા ખોડીયાર માતા મંદીરની બાજુમા આવેલ પોતાની ભંગારની દુકાનમાં પતરા ફીટ કરવાની લોખંડની પાઇપ સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અક્સ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.લેઉઆ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી